हु अवगुणनो ओरडोजी, गुण तो नहि लवलेश,
परगुण पखी नवी शकुजी, कम ससार तरीशर जीनजी.मुज०

जीव तणा वध में कर्याजी, बोल्यो मृषावाद,
कपट करी पर धन हर्याजी,सेव्या विषय सवादर जिनजी.मुज०

हु लपट हु लालचु जी, पाप कीधां कोड़ लाख,
त्रण भुवनमा कोइ नहिजी,जे आवे मुज साथ र जिनजी मुज०

कुमती कुटिल कदा ग्रहीजी, वांकी गती मती मुज,
वांकी गती म्हारी प्रभुजी,शी सभळावुं तुजरे जिनजी.मुज०
काजळथी पण शामळोजी, मारां मन परिणामें,
स्वप्ना मांहो ताहरुंजी, संभोळुं नहि नाम रे जिनजी मुज०
मुग्ध लोक ठगवा भणीजी, करुं अनेक प्रपच,
कुड कपट हु केळवीजी, पाप तणो करु संच रे जिनजी.मुज०
मन चंचळ न रहे केमेजी, राचे रमणी रे रूप,
काम विटबणाशु कहुंजी,पडीश हुं दुरगति कूपरे जिनजी.मुज०
नगुणो तोपण ताहरोजी, नाम धराव्यु दास,
कृपा करी नचावजोजी,पूरजो मुज मन आश रे जिनजी.मुज०
तुं उपकारी गुण भर्योजी, तु सेवक प्रतिपाळ,
तुजने शुं क६ घणुंजी, तुं सौ वाते जाण रे जिनजी. मुज०

३

प्रथम जिनेश्वर प्रणमीए, जास सुगंधीरे काय,
कल्प वृक्ष पर तास इंद्राणी नयन जे, भृंग परे लपटाय.

रोग उरग तुज नविनडे, अमृत जे आस्वाद,
तेहथी प्रतिहत तेहमानु कोइ नवि करे, जगमा तुमशुं वाद.

वगर धोइ तुज निरमली, काया कंचनवान,
नहि प्रस्वेद लगार तारे तु तेहने, जे धर ताहरु ध्यान.

श्वासोश्वास कमल समो, तुज लोकोत्तर वाद,
देखे न आहार नीहार चरम चक्षु धणी, एवा तुज अवदात

राग गयो तुज मन थकी, तेहमा चित्त न कोय,
रुधिर आमिशथी रोग गयो तुज जन्मथी, दूध सहोदर होय.

चार अतीशय मूलथी, ओगणीश देवना कीध,
कर्मखप्याथी अगीआर चोत्रीश एम अतीशय, समवायांगे प्रसिद्ध

जिन उत्तम गुण गावता, गुण आवे निज अंग,
पद्मविजय कहे एम समय प्रभु पालजो, जेम थाउ अक्षय अभंग
प्रथम जिनेश्वर प्रणमीए, जास सुगंधी रे काय.

४

चालो चालोने जइए सोरठ देशमां रे!
ज्यां पुंडरीक गीरी भरयात,
नमो नेह धरी गीरीराजने रे।
ए तरणतारण तीरथ जाणीए रे!
एनो महीमा अपरंपार—नमो नेह धरी०

अनंता मुनिवर ए गिरी, वरीया शिववधु नार,
वळी अनता अहीं फने, पामे भवनो पार,
नव संदेह एमा आणशो रे।
जेनों शास्त्रमां छे घणी शाख-नमो नेह धरी०

राज्य आपी भरतने, लेने संयम भार,
वर्षि तपनुं कर्युं पारणुं, श्री श्रेयांस कुमार.
लेवे शेरडी रस प्रभु मूजनोरे।
रुडी अक्षय त्रीज मनोहार-नमो नेह धरी०

प्रथम जिनेश्वर आवीआ, पूर्व नवाणु वार,
रायण हेठे समोसरी, कीधो गीरि विस्तार,
सुणी भरत संघ साथे आवतारे!
तीरथ फरता ने करता उद्धार-नमो नेह धरी०

चैत्र शुदनी पुनमे, पाँच क्रोड मुनि साथ,
पुंडरीक गणधर ए गीरी, जान्यो शिव वधु हाथ,
एथी पुडरीकगिरी नाम स्थाप्योर !
इस तीरथपती आदिनाथ-नमो नेह धरी०

फागण शुदनी दशमे, नमी विनमी बे क्रोड;
अणसण करी शिवपुरी वर्या, साथे मुनि बे क्रोड;
सिद्ध थया पचीसे अणगारथी रे,
पाचें पांडव ए गिरिराज-नमो नेह धरी०

नेमी पुनी चोसठ कही, धरती आतप ठाम,
चैतर विदनी चौदशे, पामि अविचल धाम,
राम भरत मुनि त्रण क्रोड शुं रे,
कर्म कापी पाम्या सिद्धराज-नमो नेह धरी०

फागण उजळी तेरशे, श्याम प्रद्युम्न कहेवाय,
साडीआठ क्रोड मुनिवर, शत्रुंजय शिव पूजाय,
छेल्ला नारद एकाणु लाखथीरे,
गीरी उपर वरीया शिवनार-नमो नेह धरी०

गइ चोवीशीना प्रभु, बीजा नीरवाणी नाथ,
कदंब गणधर क्रोडशु, वरता मुक्तिने साथ;

तेने कदमगिरी नाम बोलतां रे,
जेना नामथी नवनिद्ध थाय–नमो नेह धरी०
एम असंख्या मुनिवरु, ए तीर्थ मोझार;
सिध्या ने वळी सिद्धशे, महिमा अपरंपार;
भाखे दान दया पन्यासनोरे,
शिष्य सौभाग्य विमल सुखकार–नमो नेह धरी०

(५)

मारुं मन मोह्यु रे श्रीसिद्धाचळे रे, देखीने हर्षित होय;
विधिशुं कीजे रे यात्रा एहनी रे, भवोभवनां दुःख जोय. मा०
पंचम आरेरे पावन कारणे रे, ए समो तीरथ न कोय,
मोटो महिमारे जगमा एहनोरे, आ भरते ईहां जोय. मा०
इण गीरी आव्यारे जिनवर गणधरारे, सिध्या साधु अनंत,
कठण कर्म पण ए गिरी फरसतांरे, होने करमनी शात. मा०
जैन धर्म ते साचो जाणीनेरे, मानव तीरथ ए स्थंभ;
सुरनर किन्नर नृप विद्याधरा रे, करंता नाटारंभ. मा०
धन्य धन्य दहाडोरे मन वेळा घडीरे, धरीए हृदय मोझार,
ज्ञान विमलसूरी, गुण एना घणारे, कहेतां नावे पार.
मारुं मन मोह्युं रे श्रीसिद्धाचळे रे, देखीने हर्षित होय,

(६)

विमलाचल वासी मारा वाला सेवकने
विसारो नहि, हुं विसारुं नहि,
जळ विना मीन दुःख अति पामे,
जिणंद आप जाणो सही आप जाणो सही.

दु'ख हरनारा भविजन प्यारा शरणे छुं महाराज,
चार चोर मुज पाछळ पडीआ पुण्य रत्नने काज,
प्रभुजी पुन्य रत्नने काज—सेवकने विसारो नहि०
पापी चंडालो पकडी मुज माल हरी लेनार,
प्रभुजी जो मुज वारे आवो तो छुं उगरनार,
प्रभुजी तो छु उगरनार-सेवकने विसारो नहि०
जन्म मरणना दुःख वेठ्यां बहु तोय न आव्यो पार,
तें दुःखने दूर करवा कारण आव्यो तुज दरबार.
प्रभुजी आव्यो तुज दरबार—सेवकने विसारो नहि०
अरजी उर धरी नेह नजर करी सेवकनी करो वार,
कृपातणाए सिंधु तुम विण कोण उतारे पार,
प्रभुजी कोण उतारे पार—सेवकने विसारो नहि०
भव भय भंजन नाथ निरंजन करो कठण कर्मनो नाश,
पद पंकज छे प्राण मधुकर पूरो मननी आश,
प्रभुजी पूरो मननी आश-सेवकने विसारो नहि०

(७)

एकेकुं डगलुं भरे, शत्रुंजय सामो जेह,
कवि कहे भव क्रोडना, कर्म खपावे तेह.
शेत्रुंजा समो तिरथ नहि, रिखव समो नहि देव;
गौतम सरखा गुरु नहि, वळी वळी वंदू तेह.
सिद्धाचळ समरु सदा, सोरठ देश मोझार,
मनुष्य जन्म पामी करी, वंदू वार हजार.
सोरठ देशमां संचर्यो, न चढयो गढ गिरनार,
शेत्रुंजी नदी नाह्यो नहि, तेनो एळे गयो अवतार.
शेत्रुंजी नदीमां नाइने, मुख बांधी मुखकोश,
देव जुगादीश पूजीए, आणी मन संतोष.
जगमां तिरथ दो वडा, शेत्रुंजो गिरनार;
एक गढ रिखव समोसर्या, एक गढ नेमकुमार.
सिद्धाचळ सिद्धि वर्या, मुनिवर अनंति क्रोडी;
ज्यां मुनिवर मुगते गया, वंदू बे कर जोडी.
शत्रु-जय गिरि मंडणो, मरुदेवीनो नंद,
जुगलाधर्म निवारको, नमो युगादि जिणंद.

१८

श्री रे सिद्धाचळ भेटवा, मुज मन अधिक उमायो,
रिखवदेव पूजा करी, लीजे भव तणो लावो- श्रीरे०
मणीमय मुरत श्रीरिखभनी, ते निपाये अभिराम,
भूवन कराव्या कनकना, राख्यां भरते नाम- श्रीरे०
नेम विना त्रेवीश प्रभु, आव्या सिद्धक्षेत्र जाणी,
शत्रुंजय समो तिरथ नहि, बोल्या सीमधर वाणी- श्रीरे०
पूर्व नवाणु समोसर्या, स्वामी रिखभ जिणन्द,
राम पाडव मुक्ते गया, पाम्या परमानद- श्रीरे०
पूर्व पुन्य पसायथी, पुंडरिकगिरि पायो,
कांतिविजय हरखे करी, श्री सिद्धाचळ गायो- श्रीरे०

१९

यात्रा नवाणु करीए विमलगीरी, यात्रा नवाणु करीए,
सहस क्रोड भव पातिक तूटे, शत्रुंजय सामो डग भरीये-
विमलगिरी-यात्रा नवाणु करीए
पूर्व नवाणु वार शत्रुंजयगिरी, रुषभ जिणद समोसरीए-
विमलगिरी-यात्रा नवाणु करीए

पुंडरिक पद जपीए मन हरखे, अध्यवसाय शुभ धरीए–
विमलगिरी–यात्रा नवाणुं करीए.
सात छट्ठ दोय अट्ठम तपस्या, करी चढीए शत्रुंजय–
विमलगिरी–यात्रा नवाणुं करीए.
पडिक्कमणां दोय विधिशुं करीए, पाप पडल परिहरीए–
विमलगिरी–यात्रा नवाणुं करीए.
भूमी संथारो ने नारी तणो संग, दूर थकी त्यागी दइए–
विमलगिरी–यात्रा नवाणु करीए.
एकल आहारी ने सचित परिहारी, गुरु साथे पद चरीए–
विमलगिरी–यात्रा नवाणु करीए.
कलिकाले ए तीरथ मोटुं, प्रवहण जेम भर दरीए–
विमलगिरी–यात्रा नवाणु करीए.
उत्तम ए गिरीवर सेवंता, पद्म कहे भव तरीए–
विमलगिरी–यात्रा नवाणुं करीए

(१०)

तमे तो भले विराजोजी, सिद्धाचळके वासी
साहिब भले विराजोजी.
मरुदेवीनो नंदन रुडो, नाभि नरेन्द्र मल्हार,
जुगल्या धर्म निवारण आव्या, पूर्व नवाणु वार,
तमे तो भले विराजोजी.

मूल देरने सन्मुखं राजे, पुडरिक गणधार,
पंच क्रोडशु चैत्री पुनमे, वरीआ शिव वधु सार,
तमे तो भले निराजोजी.

सहप कोप दक्षीण विराजे, जिनवर सहस चोवीस,
चउदसें गणधरना पगला, पूजो गाम जगीश,
तमे तो भले विराजोजी.

प्रभु पगला रायण हठ, पूजी परमाणद,
अष्टापद चउवीश जिनेश्वर, समेत वीश जिणद.
तमे तो भले निराजोजी.

मेरु परवत चैत्य घणेरा, चउमुख बिंब अनेक,
वावन जिनालयना देवळ नीरखी इरख धरु अधिशेक,
तमे तो भले विराजोजी.

सहसफळाने शामळा पासजी, समोवसरण मंडाण,
जेपारसीने खडतर वासी, कइ प्रेमावसी परीमाण,
तमे तो भले निराजोजी.

सवत अ-ार ओगण पचाशे, फागण अष्टमी दीन,
उजवळ पक्षे उजवळ हूओ, गीरि फरस्या मुज मन,
तमे तो भले बिराजोजी.

इत्यादीक जिन बिंव नीहाळी, साभळी सिद्धनी श्रेण,
उत्तम गीरीवर कैनीपर वीसरे, पद्म विजय कहे जेण,
तमे तो भले विराजोजी.

७

(११)

भवजळ पार उतार जिणंदजी, भवजळ पार उतार,
मुज पापीने तार जिणंदजी, भवजळ पार उतार.
श्री सिद्धाचल तीरथ राजा, त्रण भुवनमा सार—जिनंदजी.
पूर्व नवाणुं वार सत्रु-जय, आव्या श्री नाभिकुमार— ,,
आज हमारे सुरतरु मगव्यो, दीठो प्रभु देदार— ,,
भवोभव भटकी शरणे आव्यो, राखो लाज आधार— ,,
भरतादिक असंख्यने तार्या, तेम प्रभु मुजने तार— ,,
माता मरुदेवीने दीधुं, केवळ ज्ञान उदार— ,,
क्षायक समकित मुजने आपो, एही ज परम आधार— ,,
दीन दयाळु दरिशन दीजे, पाय पडु वारंवार— ,,
अवसर पामी अरज सुणीने, चित्तवडी अवधार— ,,
नितीविजयना बाळ सिद्धिनी, आवागमन निवार—
जिणंदजी—भवजळ पार उतार

(१२)

जग जीवन जग वाल हो, मरुदेवीना नंद लालरे,
मुख दीठे ... अतिही आनंद लालरे-जग.

आखडी अंबुज पांखडी, अष्टमी शशिसम भाल लालरे;
वदन ते शारद चंदलो, वाणी अतिही रसाल लालरे–जग०
लक्षण अंगे विराजता, अडहिय सहस उदार लालरे,
रेखाकर चरणादिके, अभ्यंतर नहि पार लालरे–जग०
इंद्र चंद्र रवी गिरीतणा, गुण लइ घडीयु अंग लालरे,
भाग्य किहांथकी आवीयु, अचरिज एह उत्तंग लालरे–जग०
गुण सघला अंगे कर्या, दूर कर्या सवि दोष लालरे,
वाचक जशविजये कह्यो, देजो सुखनो सार लालरे– जग०

(१३)

आज आनंद अपार मुज मन, आज आनंद अपार,
मरदेवी नंदन कर्म निकंदन, निरख्या नाभिकुमार मु०
अजर अमर अकलंक जिनेश्वर, रुपस्वरुप भंडार. मु०
अशरण शरण करण जगनायक, दायक शिवसुख सार. मु०
तुम सेवा शुभ भावे करता, पामु भवनो पार. मु०
कहे जिनदास प्रभु दरिशनथी, सफळ थयो अवतार. मु०

॥ श्री रिखभदेव तथा श्री सिद्धाचळजीना स्तवन संपूर्ण ॥

श्री पार्श्वनाथप्रभुना स्तवन.

१४

आवो आवो पासजी मुज मळीया रे,
मारा मनना मनोरथ फळीया—आवो आवो—
तारी मूरती मोहनगारी रे, सहु संघने लागे छे प्यारी रे,
तमने मोही रह्या सुर-नर नारी—आवो आवो—
अलबेली मूरत प्रभु तारी रे, तारा मुखडा उपर जाउं वारी रे,
नाग नागणीनी जोड उगारी—आवो आवो—
धन्य धन्य देवाधिदेवा रे, नर नारी करे छे सेवा रे,
अमने आपोने शिवपुर जावा—आवो आवो—
तमे शिवरमणीना रसीया रे, जइ मोक्षपुरीमा वसीया रे,
मारा हृदय कमळमां ठसीया—आवो आवो—
जे कोई पार्श्व तणा गुण गाशे रे, भव भवनां पातीक जाशे रे,
तेना समकित निर्मळ थाशे—आवो आवो—
प्रभु त्रेवीसमा जिनराया रे, माता वामादेवीना जाया रे,
अमने दरिशन दयोने दयाळा—आवो आवो—
हु तो लळी लळी लागु छुं पाय रे, मारा उरमा हरख न माय रे,
एम माणेकविजय गुण गाय—आवो आवो—

❁

१५

प्यारो प्यारो रे हो वाल्हा, मारा पासजिणंद मुने प्यारो।
तारो तारो रे वाला, मारा भवना दुखमा वारो,
काशीदेश वणारसी नगरी अश्वसेन कुळ सोहीएरे,
पासजिणदा वामानंदा मारा वाला, देखीत जन मन मोहीएरे
छप्पनदीग कुमरी मिलि आवे, प्रभुजीने हुलरावे रे,
थेइ थेइ नाच करे मारा वाला, हरसे जीनगुण गावे–प्यारो०
कमठ हठ गाल्यो प्रभु पार्श्वे, बळत उगार्यो फणी नागरे,
दीओ सार नवकार नागऊ, धरणेंद्र पद पायो–प्यारो०
दीक्षा लेइ प्रभु केवळ पायो, समवसरण में सुहायोरे,
दीयो मधुरी देशना प्रभु चौमुख धर्म सुणायोरे–प्यारो०
कर्म खपावी शीवपुर जावे, अजरामर पद पावेरे,
ज्ञान अमृतरस फळशे मारा वाला, ज्योतिसे ज्योत मिलावरे–

ॐ

१६

मन मोहन प्रभु पासजी, सुणो जगत आधारजी,
शरणें आव्यो रे प्रभु ताहरे मुज दुरित नीवारजी–मन०
विषय कषाय पासमा भम्यो काळ अनंतजी,
राग द्वेष महा चोलटालुटयो धर्मनो पथजी–मन०
पण कांइ पूरव पुन्यथी मळीया श्री जीनराजजी.
भवसमुद्रमां बुडता आ‍ऽलंबन जीम लालजी–मन०
कमठे निज अज्ञानथी उपसर्ग कीधो बहु जातजी,
ध्यानानल प्रगटावीने कीधो कर्मनो घातजी–मन०
केवळ ज्ञानथी देखीयुं लोकालोक स्वरुपजी,
विजय मुक्ति पद जइ वर्यु सादी अनंत शीव रुपजी–मन०
ते पद पामवा चाहतो मोहन कमळनो दासजी,
मनमोहन प्रभु माहरी पुरजो मननीआशजी–मन०

१७

बलीहारी जिनजी जाउ वारी प्रभु पार्श्व आपो अमने,
काशीना वाशी शीवतणा सुखनेजी.
नाग उगारी व्हाला नागेंद्र बनाव्योजी,
आप्युं छे, सुख अपारी–प्रभु पार्श्व०

चउमुख आपे व्हाला देशना देइनेजी,
तार्यां छे नरने नारी–प्रभु पार्श्व०
एवु सुणीने व्हाला शरणे तो आवीयाजी,
आपोने पद आणाहारी–प्रभु पार्श्व०
कर्म खपावी आपे शीवसुख लीधुंजी,
बनी गया छो निराकारी–प्रभु पार्श्व० ।
तुज प्रतीमा ते वहाली जाणी जाणी तुम सारीखीजी,
मागीए मोक्ष आगारी–प्रभु पार्श्व०
सेवक कहे छे प्रभु पार्श्व जीनेश्वरजी,
वीनंती लेजोने अवधारी–प्रभु पार्श्व

१८

राता जेवा फुलडा ने शामळ जेवो रंग,
आज तारी आगीनो थाइ अजब बन्यो छे ढग;
प्यारा पासजी हो लाल दिनदयाल मने नयणे निहाल-
जोगीवाडे जागतो ने मातो धींगड मल्ल,
शामळो सोहामणो ने जीत्या आठे मल्ल;
तु छे मारो साहेबो ने हु छुं तारो दास,
आश पूरो दासनी मारी सांभळी अरदास;

प्यारा पासजी हो लाल दिनदयाळ मने नयणे निहाल.
देव सघळा दीठा तेमा एक तुं अव्वल,
लाखेणु छे लटकुं तारुं देखी रीझे दल,
कोइ नमे पीरने ने कोइ नमे राम,
उदय रत्न कहे रे प्रभु माहरे तुमशु काम,
प्यारा पासजी हो लाल दिनदयाळ मने नयणे निहाल.

१९

समरण करिये भवजळ तरिये, नावज्यु नर भव तरिये रे, समरण करिये रे ॥ समरण करता केई नर शिवपुर, सुखिया होई सिधाया रे। इन्द्र इन्द्राणी मिले मोतीडे, वाटे वधाया रे ॥ स० ॥ १ ॥ एवा भोग पार्श्व प्रभु का, समरण है सुखदाई रे। तीन करणथी वरणव करता, कमी नही काई रे ॥ स० ॥ २ ॥ तीन भुवन मे नहीं प्रभु तोले, ज्ञानी वचन इम बोले रे। उमेद करी आराधो भविया मोघे मोले रे ॥स०॥३॥

२०

साहरा चिंतामणी पार्श, पूरो मनडानी आश ॥ टेक ॥
आज अनोपम उगत दर्शन, सुखडो स्वामी तमारो। देखत ही मोरो हियडो हरखित, नेह वध्यो वधी नेणे निरखित. सा०॥१

स्वामी तुमारे शरण हु आयो; कठण करम को मटीजे दावो ।
पुन्य पसाये में दरिशण पायो, काज करीजे मेरे मन चाह्यो. ॥सा॥ २
नहीं मागु हाथी घोडा गढ किल्ला, मागुं हु एक आपो सिद्ध शिला ।
और न मागु प्रभु तारे पास, आपसे अलगो रेहे किम दास. ॥सा०॥३
अम सम दीन अनाथने तारो, महेर करो कारज मारो ।
अब मोये दोष न आवत दूजो, मुखडे बोलो खोलो मंन गूंजा ॥सा०४
तरन तारन तमे जिनग तारो, मन लाग्यो तुज चरणे अमारो ।
शिवपुर मेलो वाह्य ग्रहीने, भक्तजनने अवश्य करीने ॥सा०॥५॥

२१

तुज विण ना सजे रे, पारम प्राण आधार । दरिशण दीजिये रे, अरजी वार हजार ॥ टेक ॥ चौसठ इन्द्र तणो तु नायक, सर्व गुणें करी भरियो । तीन भुवनरो नाथ प्रभु थें, अविनाशी पद वरियो ॥ तु० ॥ १ ॥ सुमता को संग रग भर राखो, कुमता काने टालो । हुं छु प्रभु चरणारो चाकर, क्षणभर साम्हु भालो ॥ तु० ॥ २ ॥ किरपा मुजपर कर केशरिया, मन रम म्हेल पधारो । कर्म आठइ दुर करीने,

-सब ही काम सुधारो ॥ तु० ॥ ३ ॥ जळ विना किम रहे, माछली, गाय विना वाछरियो । सद्गुरु विण प्रभु कुण, ओलखावे, काल अनंता फरियो ॥ तु० ॥ ४ ॥ छिण छिण में जिनवर समरंता, उमेद घणी मन आवे । एसो अरज परवानो आपो, तुज दरिशन नित पावे० ॥ तु० ॥ ५ ॥

२२

तुम तीन भुवनरा नाथ, वंदुं रे हुं तो नित्य उठी परभात ॥ टेर ॥ तरण तारण तुमे अंतरयामी, वसिया हृदे दिनरात ॥ वं० ॥ १ ॥ आगेही तुम अनेक उधारया, सेवकने ही लेजोरे साथ ॥ वं० ॥ २ ॥ स्वामि तुमारे शरणे हुं आव्यो, अलगो करो उतपात ॥ वं० ॥ ३ ॥ क्या करुं अरजी तमे सहु जाणो, मारा मनडारी हो वात ॥ वं० ॥४॥ अनेक मागलिक उमेद से गुणतां, परगट पारसनाथ ॥ वं० ॥ ५ ॥

२३

अर्हत मुखथी उपनी, समरुं वा सरसत देव । प्रेमसुं प्रणमु पासजी, चाहुं चरणारी सेव ॥ १ ॥ भव दरियो तरवा भलो,

भाग्य मल्यो भगवंत । पूरव पुन्य पामियो, तरवा मारग तत ॥ २ ॥ निरखवा नेन तैयारी थया, हियडो आणे हेज। दिल अरजी वलि युं करे, चाहु शिव वधु सेज ॥ ३ ॥ सुग्व अनन्ता त्यां सुण्या, गुरगम वाणी गरथ । चतुर भाणी फेड समझके ध्यानसु हियडे धरत ॥ ४ ॥

७

२८

पुन्य जोग में पामिया, प्रभु - दिलभर दरिशन आज । काज सिद्धि मुख सपजे, महेर कीनो हो महाराज । नेहसु नेणे निरखिआ, मारे- हियडे हुंश घणी । में तो मारे ठेठसु धारया गोडी पास धणी ॥ १ ॥ आज - फल्यो मारे सुरतर भेटयो, तीन भुवन केरो नाथ । वण दिन जो में पास हुतो, तो चाड पकड चढ जात। । शहेर सेंसली सोहामणी, सोहे सुरत सात फणी ॥ में० ॥ २ ॥ नील वरण मोरो नाथजी, शशि सम चलकत भाऊ । शरणे आयानी साथ करे, प्रभु पूरण छे प्रतिपाल । कटे निकाचित कर्म ध्याता, मुज मा आश घणी ॥ में० ॥ ३ ॥ कारे कुडल चलके जोणे, झलक रह्यो छे भाण । दीठा दिल हरख घणो वधता, किया

न जाय बखाण । अलबेला न आगी तणी, छद सोहे हीरकणी ॥ मे०॥ भमतां चौराशी भेट्यो मोरो, जगपति जिनवर एह। दुःख तणो मूल दाझीयो मारे, वरस्यो अमृत मेह । सेवक ने सेवा-शाश्वती, दीजे तोरा चरण तणी ॥ मे० ॥ ५ ॥

२८

इन्द्र ने चन्द्र धरणेन्द्र वलि सेवतां, देवता केइ कोडा न कोडी। हाथ जोडी रहे आज्ञा वली शिर वहे, मुख कहे जय जय पार्श्व गोडी ॥ इं० ॥ १ चौदेही राज छानो नहीं आपसे, सही तुज समरता सुक्ख पावे। तत्काल तुजने संभारतां ते समे, जादवांनी जरा दूर जावे ॥ ई० ॥ २ ॥ जग धणी आश पूरो प्रभु अम तणी, आज हु थारे दरबार आयो। किपारा ही काज सिद्धि किया में पिण, पूर्वेला पुन्यरे उदय पायो ॥ इ० ॥ ३ ॥ दुःख दूरे करो वलि भव नवि फिरे, इच्छा सुजन मन वंछित मेला। उमेद वणी गुण गावतां ते नरा, रे सुख पावता कांइ वेला ॥ इ० ॥ ४ ॥

२६

सुखकारी बलिहारी थारा मुखडारी, वारी जाउं सुख पाउं नित्य आज जिनराज। चरणे आयाने स्वामी दीजिये,

कीजिये वांछित काज जिनराज ॥ सु० ॥ किरपा किजो दीनों मुजरो आनि मुख साज काने कुंडल दोनु झगमगे। शरणे आयानी राखे लाज जिनराज ॥ सु० ॥ २ ॥ देखावो शिवपुर शहर करी म्हेर, आप दरशन की लगी मन में, जिन में देखावे तु तो आज जिनराज ॥ सु० ॥ ३ ॥ दीजिये मुज शिर हाथ मारा नाथ, रात दिवस जप रखो तुजने। मुजने छुडावो पापी पाज जिनराज ॥ सु० ॥ ४ ॥ अर्ज करे छे सेवक टालो खेद, छेदन करो मत पापने आपने, कहु इण काज जिनराज ॥ सु० ॥ ६ ॥

२७

पारसप्रभु वीनतडी अवधारो, भवसायर पार उतारो ॥ पा० ॥ टेर ॥ तीन भुवनरो तुम छो नायक, मुज मन तुज आधारो। देव दुजो नहि मोरे कोइ, शिवपुर काज सुधारो ॥ पा० ॥ १ ॥ खिण में कर्म खपे समरण से, एवो अतिशय थारो। नाम लियो नव निधि प्रगटे, धन्य आजनो दहाडो ॥ पा० ॥ २ ॥ सेवक अर्ज करे कर जोडी, मेटिजे भव दुःख भारो। करणी मारी कोइ मत देखो, विरुद विचारो थारो ॥

२८

मुजपर तो कृपा करीजे, पारस प्रभु दरिसण नित्य का दीजे ॥ टेक ॥ चौराशी भमता आयो छुं सरणे, मुजरो मानीज लीजे । आवागमन भारी अलग करीने, जन्म मरण मेटीजे ॥ पा० ॥ १ ॥ समरण तारो सदा सुखदाई, कल्पवृक्ष तुं कहीजे । शरणे आयो, केइ सुख पाया, भविजन सुणता हीं भींजे ॥ पा० ॥ २ ॥ उमेद धणी प्रभु मारे मनमें, चरण चाकरी दीजे । पर उपकारी पार उतारो, भजमां भंगु नहीं बीजे ॥ पा० ॥ ३ ॥

२९

प्रभु पास जिनंद, आनन्द सहुने आवे नयणे देखता । सेवे चौसठ इन्द्र, गुण गावे पाछे पार न पावे लेखता ॥ टेक ॥ धन्य घडी धन्य हे दारो, मुखं दीठो साहिनजी तारो, आज जनम सफल हुवा जे मारो ॥ प्र० ॥ १ ॥ त्रिभुवने शोभा छे तारी, एक अरजी सुण लीजें मारी, प्रभु कही न जाय गत करमारी ॥ प्र० ॥ २ ॥ करमे वश मुजने फेर लीनो, केइ केइ परकार दु:ख दीनो [illegible] शरणो तारो लीनो ॥ प्र०

मनवंछित कारज सिध कीजे, प्रभु तरण तारण हुं केवीजे, करुणा करी शिवसुख देवींजे ॥ म० ॥ ४ ॥ प्रभु तुज विण आशा कुण पूरे, केइ कालनी चिंता चुण-चूरे, अब तो नहीं रहुं तुमसे दुरे ॥ म० ॥ ५ ॥ प्रभु थारा बिरुद तो तु जोवे, तारी वाणी सुर नर सहु मोवे, प्यारा केइ पाप मोटा धोवे ॥

३०

पार्सनाथ नमिये जप तस करिये,
दुरित अमारा टल जाय जाय जाय ॥ आकणी ॥
कृपा अमृत रस सिंधु प्रभुने,
निरखत चित्त मोद पाय पाय पाय । पार्सनाथ० ॥ १ ॥
शशी किरण सम प्रभुना सद्‌गुण,
स्मरत आय निज माय मांय माय । पार्सनाथ० ॥ २ ॥
रत्नना धारक मोहना वारक,
भजता जिनदा आधि जाय जाय जाय । पार्सनाथ० ॥ ३ ॥
सहु मिथ्या तम हरे जन हृदयनु,
सब आशा पूरे जिन राय राय राय । पार्सनाथ० ॥ ४ ॥
मनहर अंगी प्रभुजीनी जोई,

उलसित हो चित्त, माय माय मांय। पासनाथ० ॥ ५ ॥
पदकज नमता पास प्रभुना,
विजय सौभाग्य सुख थाय थाय थाय। पासनाथ० ॥ ६ ॥

३१

पार्श्वनाथ सुखकारा सुखकारा जिन पति पूजो भावसे ॥आं०॥
ज्ञान अनंत के है प्रभु धारी, कर्म रोग सब दूर निवारी,
सूरज परे तेजधारा तेजधारा ॥ जिनपति पूजो भावसें ॥
भव समुद्रमें पडते को राखे, शुद्ध मारग प्रभुजी नित दाखे,
करे जगत उपकारा उपकारा ॥ जिनपति पूजो भावसें ॥
कमठ हठीको दूर निवारा, तत्व बताके छिन में उगारा,
अहो दयाके प्रभूधारा प्रभूधारा ॥ जिनपति पूजो भावसें ॥
पार्श्व यक्षसेपूजित पाया,पद्मावती धरणेन्द्रको भाया,
वंदो ऐसे प्रभुप्यारा प्रभूप्यारा ॥ जिनपति पूजो भावसें ॥
एक ही चित्तें नाथ पूजन से, वार वार फिर ध्यान करन से,
होवे करम छुटकारा छुटकारा ॥ जिनपति पूजो भावसें ॥
महाप्रभावी है इस युगमें, पूरे मनोग्य सारे छिन में,
वंदे सौभाग्य नेहधारा नेहधारा ॥ जिनपति पूजो भावसें ॥
श्री पार्श्वनायजीनां स्तवन संपूर्ण.

॥ श्री महावीर स्वामीनां स्तवन ॥

३२

त्रिशलाना जायारे, शरणे अमे आव्यारे,
सुणो एक विनंती होजी
महेर करीने भवजळ पार उतारो.
त्रिशलाना जायारे, शरणे अमे आव्यारे,
सुणो एक विनति होजी.

(साखी)

लाख चोराशी योनीमा भ्रमण कर्युं भगवान,
अन्य मतोमा राचीओ नडयु बहु अज्ञान;
पाम्यो कुडी कायारे-सुणो एक-त्रिशलाना०

(साखी)

सद्गुरुना उपदेशथी, जाण्यो तारो मर्म,
एक चित्तथी आदरी, हवे खपाउ कर्म,
छोडु सघळी मायारे-सुणो एक-त्रिशलाना०

(साखी)

श्रेणिकादिक भक्तने जिनपद दीधु जेम,
सेवक कहे छे आपजो, मने पण प्रभुजी तेम,
गुण तमारा गाउंरे-सुणो एक-त्रिशलाना०

(साखी)

आनंदादिक श्रावको, वृत्त उच्चरता जेम,
शिव रमणीने साधवा, हुं पण करीश तेम,
हुं छुं तारो बाळक-सुणो एक विनंती होजी.
त्रिशलाना जायारे, शरणे अमे आव्यार,
सुणो एक विनंती होजी.

३३

व्हाला वीर जिनेश्वर जन्म जरा निवारजोरे,
प्यारा प्रभुजी प्रीते मुज शीर पर कर स्थापजोरे
व्हाला वीर जिनेश्वर जन्म जरा निवारजोर.
त्रण रत्न आपो प्रभु मुजने, खोट खजानो को नहि तुजने,
अरजी उरधरी कर्म कटक संहारजोरे- व्हाला०
कुमति डाकण वळगी मुजने, नमीनमी विनवु हे प्रभु तुजने,
ए दुःखने दुर करवा व्हेला आवजोरे- व्हाला०
भव अटवीमां भूलो पडीयो, हुं महावीर साचो मने मळीओ;
सेवकने शिवपुरनी सडक देखाडजोरे- व्हाला०

सिद्धारथनार नंदन विनवु, विनवटी
भवमंडपमार नाटक नाचीओ, हवे मने पा
नग रत्न शुभ आपो तातनी, जेमा नाटर
दान दीपनार मझुनी पूनथुं, आपो प्र—
चरण अगुठेर मर कंपावीयो, सुरनु मोह
अट कर्मना मगडा जीवता, दीधुं वर
शासन नायक शिवसुख दायक, त्रिशला
सिद्धारथनो वन दीपावीयो, मझुनी ह

॥

अघ हरनारा सुख करनारा निरखी तुज मुख चंद ।
चित्तदु आ मुज स्थिरता पाम्युं,विकस्यो प्रेमअमंद॥नेह धरी०॥४॥
कर युग जोडी प्रभु तुम आगे इच्छु तुम पद राग ।
ते मुज प्रभुजी वेगे आपो विनवे धम सौभाग ॥ नेहधरी० ॥५॥

७

३६

दयालु वीर जिन-स्वामी, करु मैं अर्ज शिरनामी ।
सिद्धारथ राजके घरमें, लिया प्रभु जन्म सुखकारी ।
हुवा उजियार सबजगमें,खिली ज्यु शांति अतिभारी॥दयालु० १
अनंती शक्ति के धारक, प्रभुजी बाल्पन धारी ।
अगुठे लाख योजनका, कपाया मेरगिरि भारी ॥दयालु० २
भयकर देव तुम पासे, आमलकी क्रीडमें आया ।
दया कर वज्रमुष्टिसे, उसीको दास सम पाया ॥दयालु० ३
उसी से नाथ तुम हीया, देवोसे वीर इति नामा ।
गावे ज्युं नाथ तुम केरा गुणोंको नित्य सुररामा॥दयालु० ४
विहरके नाथ दुनियामें, किये हैं क्रोड उपकारा ।
असतपथ गामि लोकोको दिया है बोध तुम सारा॥दयालु० ५

३४

सिद्धारथनारे नंदन विनवुं, विनतडी अवधार,
भवमंडपमारे नाटक नाचीओ, हवे मने पार उतार-सि०
त्रण रत्न मुज आपो तातजी, जेम नावेरे संताप,
दान दीयतारे प्रभुजी पुजशु, आपो पदवीरे आप-सि०
चरण अंगुठेरे मेर कपावीयो, सुरनु मोड्युर मान,
अष्ट रमंना झगडा जीतवा, दीधु वरसीरे दान-सि०
शासन नायक शिवसुख दायक, त्रिशला कुखे रतन,
सिद्धारथनो वंश दीपावीयो, प्रभुजी तमने धन्य धन्य-सि०

३५

त्रिशला सुत स्वामी मेरा प्यारा नेह धरी निहाळो मुने ।
तुम विना मारे चित्त प्रभु होवे उदास एम दाख्युं तुने ॥
त्रिभुवन नायक भवदुःख भंजक सेवकना प्रतिपाल ।
कृपा करी मने शरणे राखो, आपो सुख रसाल ॥नेहधरी०॥१॥
भव भय वारक शिव सुख दायक सविजन तारणहार ।
दया सुधारस मुजपर सिंची, करीये सेवक सार ॥नेहधरी०॥२॥
गोशालक जेवा सन्मुख भाषी ते पर करुणा धार ।
तो तुम आणा धारक मुजने, नाहीं केम उगार ॥नेहधरी०॥३॥

अघ हरनारा सुख करनारा निरखी तुज मुख चंद।
चित्तडु आ मुज स्थिरता पाम्युं, विकस्यो प्रेमअमद॥नेह धरी०॥४॥
कर युग जोडी प्रभु तुम आगे इच्छु तुम पद राग।
ते मुज प्रभुजी वेगे आपो विनवे प्रेम सौभाग ॥ नेहधरी० ॥५॥

३६

दयालु वीर जिन स्वामी, करु मैं अर्ज शिरनामी।
सिद्धारथ राजके घरमें, लिया प्रभु जन्म सुखकारी।
हुवा उजियार सजजगमें, खिली ज्यु शांति अतिभारी॥दयालु० १
अनंती शक्ति के धारक, प्रभुजी बाल्पन धारी।
अंगुठे लाख योजनका, कंपाया मेरगिरि भारी ॥दयालु० २
भयकर देव तुम पासे, आमलकी क्रीडमें आया।
दया कर वज्रमुष्टिसे, उसीको दास सम पाया ॥दयालु० ३
डर्सो से नाथ तुम होया, देवोसे वीर इति नामा।
गावे ज्यु नाथ तुम केरा गुणोको नित्य सुरगामा॥दयालु० ४
विहरके नाथ दुनियामें, किये हैं क्रोड उपकारा।
असत्पथ गामि लोकोंको दिया है बोध तुम सारा॥दयालु०५

३८

त्रिशलाना जायारे महावीर व्हाये आवजोजी,
नहिं आवो तो थाशे सेवकना बेहाल- त्रिशलाना. १
दैत्य महामोहरे व्हाला लाग्यो पीडवाजी,
दीधां दुःख कहेतां न आवे पार- त्रिशलाना. २
कामने अज्ञानेरे सचा नीज वापरीजी
वाळे क्रोध घडी घडी क्षण मांहि- त्रिशलाना. ३
पन्थ पाखण्ड जाळेरे वीटायो छुं वेगथीजी,
विकार विषधरनी लागीरे चोट- त्रिशलाना. ४
पंचम काळ पूरो रे जम जेवो बेसियोजी,
सूझे नहि धर्म मार्गनीरे रीत- त्रिशलाना. ५
गांडो घेलो व्हारोरे सेवक व्हाला मानीनेजी,
तारो तारो भवसागरनी तीर- त्रिशलाना. ६
टळवळतो तारो व्हाल्यारे सेवक हाथ झालीनेजी,
नहिं तारो तो जाशे तमारी लाज- त्रिशलाना. ७
तुहि तुहि समरुंरे दुःखीनो बेली आवजेजी,
शरण एक बुद्धिसागरने छे तुज- त्रिशलाना. ८

३९

वीर हु जेवो तेवो पण ह्हारो, मने रझने पार उतारो–वीर हु.
जोग ध्यानने जप तप तिरथ, नाथ नथीरे नीपजता,
मनडु पापी मारे कुत्का, भगवत तुजने भजता–वीर हु.
मध्य दरिये जीव मच्छ मुंझाणो, तृष्णाने नथी तजतो,
सामु भाळे काळ खडो पण, नफट नथी काइ समजतो–वीर हु.
अतरनी दुग्धाने ठारे, तन मन व्यासी टाळे,
देव दयानिधि नवीन पापीने, आप विना कोण तारे–वीर हु.

४०

मने तो मळीओ मारो वीर, पूर्वना पुन्य प्रमाणे रे–म०
प्रीति अनादीनी, भूली गया छो स्वामी,
हवे नहि छोडु तारो साथ, छोडु नहि कदापीरे म०
अनादि काळनो हु, रखडु छु जिनजीरे,
भ्रमण करं चु गति चार, दु ख बहु तेथी पामुरे–म०
हवे तमे मळीआ स्वामी, दु'ख अमारु कापो
आपोने शिव रमणीनो साथ, आपो प्रीत करीनेरे–म०
सुल्सादिक नमने आपे, जिनपद दीधु व्हाला,
चदनबाळानु काप्यु दु'ख, तेम अमारु कापोरे–म०
त्रिशलाना नदन जिनजी, विनती अवधारो व्हाला,
प्रीतथी खेंची ल्योने हाथ, नाथ में तमने धार्यारे–म०
सेवक कहे छे व्हाला, वीर प्रभुना गुण गावाथी,
तरीए आ ससार, वात छे तेहज साचीरे–मने तो०

४१

चोंमासी पारणु आवे, करी विनती निज घर जावे,
मिया पुत्रने वात जणावे, पटकुल जरी पथरावेरे,
महावीर प्रभु घेर आवे, जीर्ण शेठजी भावना भावेरे- म०
उभी सेरीए जळ छंटकावे, जाइ केतकी फुल विछावे,
निज घर तोरण बंधावे, मेवा मिठाई थाळ भरावे रे- म०
अरिहाने दानज दीजे, देता जे देखीने रिझे,
खटमासी रोग हरीजे, सीजे दायक भव त्रीजे रे- म०
जिनवरनी सन्मुख जावुं, मुज मंदिरीए पधरावुं,
पारणुं भली भाते करावु, युगते जिन पूजा रचावुं रे- म०
पछी प्रभुने वोरावा जइशु, करजोडीने सन्मुख रहीशुं,
नमी वंदीने पावन थइशु, वीरती अति रंग वरीशु रे- म०
दया दान क्षमा शील धरशुं, उपदेश सज्जनने करशु,
सत्य ज्ञान दिशा अनुसरशुं, अनुकंपा लक्षण वरशु रे- म०
एम जीर्ण शेठ वदता, परिणामनी धारे चढता,
श्रावकनी सीमे ठरता, देव दुंदुंभिनाद सुणंता रे- म०
करी आयु पूर्ण शुभ भावे, शूरलोक अच्युत जावे,
शाता वेदनी सुख पावे, शुभ वीर वचन रस गावे रे- म०

८२

रायरे सिद्धारथ घर पट्टराणी, नामे त्रिशला सुलक्षणी ए.
राजभुवनमां पलंगे पोढता, चौद स्वप्न राणीए लह्या ए.
पहेले स्वप्ने गयवर दीठो, बीजे वृषभ सोहामणु ए,
त्रीजे सिंह सुलक्षणो दीठो, चोथे महालक्ष्मी देवी ए,
पाचमे पाच वर्णनी माळा, छठे चंद्र अमीअ झरे ए,
सातमे सुरज, आठमे ध्वजा, नवमे कलश अमीअ भर्यो ए.
पद्म सरोवर दशमे दीठो, खीर समुद्र दीठो अग्यारमे ए
देव विमान ते बारमे दीठो, रणझण घंटा वागता ए,
रत्ननो राशि ते तेरमे दीठो, अग्निशिखा दीठी चौदमे ए.
चौद स्वप्न लइ राणीजी जाग्यां, राय समोरड पहोतला ए
शुणोरे स्वामी में तो स्वप्ना लाधा, पाछली रात रळीआमणी ए.
रायरे सिद्धारथ पंडित तेडया, कहोरे पंडित फळ एहनु ए
अमकुलमंडण तुमकुळदीवो, धन्यरे महावीरस्वामी अवतर्या ए.
जे कोइ गावे ते सुख पावे, आनंद रंग वधामणा ए.

८३

आवो आवो जसोदाना कंत, अम घेर आवोरे,
प्रभु भक्ति वत्सल भगवंत, नाथ शे नावो रे,
एम चंदनबाळाने बोलडे, प्रभु आवी रे,
प्रभु बाकुल भाटे पाछा, वळी बोलावीरे-आवो०

संकेत करीने स्वामी, गया तमे वनमां रे;
थइ केवळी केवळी कीध, धरीजो मनमां रे,
एम केमर केरा कीच, करीने पूजुं रे;
तोय पहेले व्रत्त अतिचार, थकी हुं ध्रुजुंरे—आवो०
जीवहिंसाना पच्चखाण, थूलथी करीए रे,
दुविहं तिविहंनो पाठ, सदा अनुसरीए रे,
वासी वोलो विदल निशि भत्त, हिंसा टाळुं रे,
सर्व विश्व केरी जीव दया, नित्य पाळुं रे—आवो०
दश चंदरवा दश ठाम, बांधीने रहीए रे,
जीव जाए एहवी वात, कोने न कहीए रे,
वध वंधनने छवीच्छेद, भार न भरीए रे;
घास पाणीनो विच्छेद, पशुने न करीए रे—आवो०
लौकिक देव गुरु मिथ्यात्व, नेआशी भेदे रे,
तुम आगम सुणता आज, होय विच्छेदे रे;
चौमासे पण बहु काज, जयणा पाळु रे;
पगले पगले महाराज, त्रच अजवाळुं रे—आवो०
एक श्वाम माहीं सो वार, समरुं तमने रे;
चदनवाळा ज्युं सार, आपो अमने रे;
माळी हरीनळ फळदाय, ए व्रत्त पाळी रे;
शुभवीर चरण सुपसाय, नित्य दीवाळी रे—आवो०

४४

वीर जिन राज गुण आगरा, नमो मन धरि प्रेम रे।
आधि सकल तिम वारीने, लहो मन बहु खेम रे॥ वीर०॥
घातिया कर्मने वारिने, मेलव्यु केवल ज्ञान रे।
चोसठ सुर मली तेहना, करे नाथ गुणगान रे ॥ वीर०॥
वाल निर्वाण निज जाणीने, आविया नयरी अप पा रे।
कार्तिकनी अमावाशीयें गया मोक्ष दु ख सवि काप.रे ॥वीर०
भाव उद्योत जाते थके, द्रव्य उद्योत ने काज रे।
ते दिने करि दीपालीका, ध्याइया वीर जिनराज रे॥वीर॥
एहीज पर्व आवे थके, धरो वीर प्रभुजीनुं ध्यान रे।
गौतम स्वामी तिम ध्याइए, लहो सौभाग्य निधानरे ॥वीर॥

४५

तार प्रभु तार मुजने, तार दीनें दयालजी,
शरणे आव्यो प्रभु ताहर, मुज नयन निहाळजी. ता०
भव अटवी भमता थकां, दीठु दु ख अनंतजी,
भाग्य सजोगे भेटीआ, भवभंजन भगवंतजी. ता०
सिद्धारथ सुत वन्दीए, जगदानंदा आधारजी,
चौगति संकट चूरीए, वर्धान दान दातारजी. ता०
पण कोई पूर्व पुन्यथी, मलया श्री जिनराजजी;
भव समुद्रमा डुबता, आलंबन जेम जहाजजी. ता०

श्री महावीर स्वामीनां स्तवन संपूर्ण.

श्री मगल प्रभाती स्तवन.

४६

आजको लाहो लीजीए, काल कोणेरे दीठी,
रहेण न पावे पा घडी, जब आवे चिट्ठी. आ०
मनसा वाचा कायना, आळस सव छंडी,
ध्यान धरु अरिहंतनु, थानक शिर मंडी. आ०
विनय मूल जे पाळीए, श्री जिनवर धर्म,
भावे शुद्ध आराधतां, छुटे निज कृत कर्म. आ०
दान शीयळ तप भावना, ए चार प्रकार,
धर्मनो मर्म ए जाणजो, रागद्वेष निवारो. आ०
दया शुद्ध आराधीए, पामीए भव पार,
केवळज्ञान निपाइने, देवचंद्र पद सारो. आ०

४७

में परदेशी दूरका, प्रभु दर्शनकु आयो;
लाख चाराशी देश फर्यो, तेरा दर्शन पायो. में०
सूक्ष्म बादर निगोदमां, वनस्पति वसाया,
अप तेउ वाउ कायमां, काल अनंता गमाया. में०
स्वर्ग नरक तिर्यंच मा, केता जन्म गमाया;
मनुष्य अनार्य में भम्या, त्या नहि दर्शन पाया. में०
तेरो दर्शन मरे जब भयो, पूर्ण पुन्य पसाया,
रुपचंद कहे भाग्य रुडे, निरंजन गुण गाया. में०

३८

रे जीव जिन धर्म कीजीये, धर्मना चार प्रकार,
दान शीयळ तप भावना, जगमां एह्नु सार. रे०
वरस दिवसने पारणे, आदीश्वर सुखकार,
शेरडी रस वोरावीयो, श्री श्रेयांस कुमार. रे०
चंपा पोळ उघाडवा, चारणीए काढया नीर,
सतीय सुभद्रा जस थयो, शीयले सुरनर धीर रे०
तप करी काया शोषवी, सरस नीरस आहार,
वीर जीणंद वखाणीओ धन धन्नो अणगार. रे०
अनित्य भावना भावता, धरता निर्मळ ध्यान,
भरत अरीसा भुवनमां, पाम्या केवल ज्ञान. रे०
जैन धर्म सुरतरु समो, जेहनी शीतल छाया,
समय सुंदर कहे सेवता, वंछित फल पाया रे०

४०

उठो उठोरे मोरा आतमराम, जिन मुख जोवा जइएरे,
प्रभुजीनो दरिशण छे अति दोहलो, ते किम सोहेलो जाणोरे,
वारवार मानव भव जेहवो, मलशे मुशकिल टाणोरे. उ०
चार दिवसनो चटको मटको, देखीने मत राचोरे,
विणसी जाता वार न लागे, काया घट छे काचोरे. उ०
हीरो हाथ अमुलख पायो, मूढपणे मत रमजोरे,
सहज सउगा पास जिणंदसुं, राजी थई चित रमजोरे उ०

अनंत गुणे करी भरिया जिनवर, पुरव पुण्ये पायोरे;
ते देखीने मारा मनमा, आनंद अधिक सोहायोरे ऊ०
मन गत मोरी आतमराम, करजो सुकृत कमाइरे,
लाभ उदय जिणचद लईने, वर्ते आनंद वधाइरे. ऊ०

श्री गौतम स्वामीना छंद

५०

वीर जिनेश्वर केरो शिष्य, गौतम नाम जपो निशदिश,
जो कीजे गौतमनु ध्यान, तो घर विलसे नवे निधान.
गौतम नामे गिरिवर चढे, मन वंछित हेला संपजे,
गौतम नामे न आवे रोग, गौतम नामे सर्व संजोग.
जे वैरी विरुआ वंकडा, तस नामे नावे ढुकडा,
भूत प्रेत नवि मंडे प्राण, ते गौतमना करुं वखाण.
गौतम नामे निर्मळ काय, गौतम नामे वाधे आय,
गौतम जिन शासन शणगार, गौतम नामे जयजयकार.
शाळ दाळ सुरहा घृत गोळ, मन वंछित कापड तंबोल,
घरे सुघरणी निर्मळ चित्त, गौतम नामे पुत्र विनीत.
गौतम उग्यो अविचळ भाण, गौतम नाम जपो जगजाण,
मोटा मंदिर मेरु समान, गौतम नामे सफळ विहाण.
घर मयगळ घोडानी जोड, वारु पहोंचे वंछित कोड,
महियल माने मोटा राय, जो तुठे गौतमना पाय.

४८

रे जीव जिन धर्म कीजीये, धर्मना चार प्रकार,
दान शीयळ तप भावना, जगमा एटलु सार. रे०
वरस दिवसने पारणे, आदीश्वर सुखकार,
शेरडी रस वोरावीयो, श्री श्रेयास कुमार. रे०
चंपा पोळ उघाडवा, चारणीए काढया नीर,
सतीय शुभद्रा जस थयो, शीयले सुरनर धीर रे०
तप करी काया शोषवी, सरस नीरस आहार,
वीर जीणद वखाणीओ धन धन्नो अणगार. रे०
अनित्य भावना भावता, धरतां निर्मल ध्यान,
भरत अरीसा भुवनमा, पाम्या केवल ज्ञान. रे०
जैन धर्म सुरतर समो, जेहनी शीतल छाया,
समय सुंदर कहे सेवता, वांछित फल पाया. रे०

४९

उठो उठारे मोरा आतमराम, जिन मुख जोवा जइएरे,
प्रभुजीनो दरिशण छे अति दाहलो, ते किम सोहेलो जाणोरे,
वारंवार मानव भव जेहवो, मलवो मुशकिल टाणोरे ऊ०
चार दिवसनों चटको मटको, देखीने मन राचोरे,
विणसी जाता वार न लागे, काया धड ते काचोरे ऊ०
हीरो हाथ अमुलख पायो, मूरखपणे मत रमजोरे,
सहज सलुणा पास जिणंदसुं, राजी थई चित्त रमजोरे ऊ०

अनंत गुणे करी भरिया जिनवर, पुरव पुण्ये पायोरे,
ते देखीने मारा मनमा, आनंद अधिक सोहायोरे ऊ०
मन गत मोरी आतमराम, करजो सुकृत कमाइरे,
लाभ उदय जिणचद लईने, वर्ते आनंद वधाइरे. ऊ०

श्री गौतम स्वामीना छंद

५०

वीर जिनेश्वर केरो शिष्य, गौतम नाम जपो निशदिश,
जो कीजे गौतमनु ध्यान, तो घर विलसे नवे निधान.
गौतम नामे गिरिवर चढे, मन वंछित हेला संपजे,
गौतम नामे न आवे रोग, गौतम नामे सर्व संजोग.
जे वैरी विरुआ वंकडा, तस नामे नावे ढुंकडा,
भूत प्रेत नवि मंडे प्राण, ते गौतमना करुं वखाण.
गौतम नामे निर्मळ काय, गौतम नामे वाधे आय,
गौतम जिन शासन शणगार, गौतम नामे जयजयकार.
शाल दाल सुरहा घृत गोळ, मन वंछित कापड तंबोल,
घरे सुघरणी निर्मळ चित्त, गौतम नामे पुत्र विनीत.
गौतम उग्यो अविचळ भाण, गौतम नाम जपो जगजाण,
मोटा मंदिर मेरु समान, गौतम नामे सफळ विहाण.
घर मयगळ घोडानी जोड, वारु पहोंचे वंछित कोड,
महियल माने मोटा राय, जो तुठे गौतमना पाय.

गौतम मणम्या पातक टळे, उत्तम नरनीं संगत मळे,
गौतम नामे निर्मळ ज्ञान, गौतम नामे वाधे वान.
पुण्यवंत अवधारो सहु, गुरु गौतमना गुण छे बहु,
कहे लावण्य समय कर जोड, गौतम तुठे संपत्ति कोड.

५१

मात पृथ्वी सुत मात उठी नमुं, गणधरा गौतम नाम गेले,
महसमे प्रेमशु जेह ध्याता सदा, चडती कला होय वश वेले.
वसुभूति नंदना विश्वजन वंदना, दुरित निकंदना नाम जेनु,
अभेद बुद्धे करी भवीजन जे भजे, पूर्ण पहोंचे सही भाग्य तेनु.
सुरमणि जेह चिंतामणि सुरतर, कामीत पूर्ण कामधेनु,
एह गौतमतणु ध्यान हृदये धर, जेथकी अधिक नहि महातम कोनु.
ज्ञान बळ तेजन सकळ सुख संपदा, गौतम नामथी सिद्धि पामि,
अखड प्रचड प्रताप होय अवनिमां, सुरनर जहन शिर नामि.
प्रणव आदे धरी माया बीजे करी, स्वमुखे गौतम नाम ध्यावे,
कोडी मन कामना सकळ वेगे फळ, विघ्न वैरी सवी दूर जावे
दुष्ट दूरे टळे स्वजन मेळो मळ, आधि उपाधिने व्याधि नाशे,
भूतना प्रेतना जोर भाजे वळी, गौतम नाम जपतां उल्लासे
तिर्थ अष्टापदे आप लब्धे जइ, पदरसें प्रणने दिक्षा दीधी,
अष्टमने पारणे तापस कारणे, खीर लब्धे करी अखूट कीधी.

वरस पचास लगे गृहवासे रह्या, वरस वळी त्रीश करी वीर सेवा;
बार वरसा लगे केवळ भोगव्युं, भक्ति जेहनी करे नित्य देवा.
गहीयल गौतम गौत्र महिमा निधि, रिद्धि ने सिद्धि सुख कीर्ति दाई;
उदय जश नामथी अधिक लीला लहे, सुजशसौभाग्य दोलत सवाइ

श्री सोळ सतीनां छद.

५२

आदिनाथ आदे जिनवर वंदी, सफळ मनोरथ कीजीए ए;
प्रभाते उठी मंगलिक कामे, सोळ सतीनां नाम लीजीए ए.
बाळकुमारी जगहितकारी, ब्राह्मी भरतनी बहेनडी ए,
घट घट व्यापक अक्षर रुपे, सोळ सती माहे जे वडी ए
बाहुबळ भगिनी सतीय शिरोमणी, सुन्दरी नामे ऋषभसुता ए,
अंक स्वरुपी त्रिभुवनमांहे, जेह अनुपम गुणजुता ए.
चंदनबाळा बाळपणाथी, शियळवती शुद्ध श्राविका ए,
अडदना बाकुला वीर प्रतिलाभ्या, केवल लही व्रत भाविका ए.
उग्रसेन धूआ धारिणी नंदिनी, राजीमती नेमवल्लभा ए;
जोबन वेशे कामने जीत्यो, सजम लइ देवदुल्लभा ए.
पंच भरतारी पांडव नारी, द्रुपद तनया वखाणीए ए,
एकसो आठे चीर पूराणा, शीयळ महिमा तस जाणीए ए.

दशरथ नृपनी नारी निरुपम, कौशल्या कुलचंद्रिका ए,
शीयल सलुणी राम जनेता, पुण्यतणी परनालिका ए
कौशाम्बिक ठामे सतानीक नामे, राज्य करे रंग राजीयो ए;
तस घर घरणी मृगावती सती, सुरभुवने जश गाजीओ ए.
सुलसा साची शीयले न काची, राची नहीं विषया रसे ए,
मुखडुं जोता पाप पलाये, नाम लेतां मन उल्लसे ए.
राम रघुवंशी तेहनी कामिनी, जनकसुता सीता सतीए;
जग सहु जाणे धीज करता, अनल शीतल थयो शीयलथी ए.
काचे तांतणे चालणी बांधी, कुवाथकी जल काढीउं ए,
कलंक उतारवा सतीय सुभद्रा, चंपा बार उघाडीयुं ए.
सुर नर वंदित शीयल अखंडित, शिवा शिवपदगामिनी ए,
जेहने नामे निर्मल थइए, बलिहारी तस नामनी ए.
हस्तीनापुर पांडुरायनी, कुंता नामे कामिनी ए;
पांडवमाता दशे दशारनी, बेन पतिव्रता पद्मीनि ए.
शीयलवती नामे शीलव्रतधारिणी, त्रिविध तेहने वंदिए ए,
नाम जपता पातक जाये, दरिसण दुरित निकंदिए ए.
निषधा नगरी नल नरेन्द्रनी, दमयंति तस गेहिनी ए,
संकट पडतां शियलज राख्युं, त्रिभुवनकीर्ति जेहनी ए.
अनंग अजीता जगजन पूजिता, पुष्पचुला ने प्रभावती ए,
विश्वविख्याता कामितदाता, सोलमी सती पद्मावती ए.
वीरे भाखी शास्त्रे साखी, उदयरत्न भाखे मुदा ए,
वहाणु वातां जे नर भणशे, ते लहेशे सुखसंपदा ए.

श्री बोधप्रद सज्झाय.

५३–क्रोधनी सज्झाय.

कडवा फळ छे क्रोधना, ज्ञानी एम बोले,
रीस तणो रस जाणीए, हळाहळ तोले. क०
क्रोधे क्रोड पूर्व तणुं, संजम फळ जाय,
क्रोध सहीत तप जे करे, ते तो लेखे न थाय. क०
साधु गणो तपीयो हुतो, धरतो मन वैराग,
शिष्यने क्रोध थकी थयो, चंडकोशीयो नाग. क०
आग उठे जे घर थकी, पहेलु ते घर बाळे,
जळनो जोग जो नवि मळे, तो पासेनु परजाळे. क०
क्रोध तणी गति एहवी, कहे केवल नाणी,
हाण करे जे हेतनी, जाळवजो एम जाणी. क०
उदयरत्न कहे क्रोधने, काढजो गळे साही,
काया करजो निर्मळी, उपसम रस नाही. क०

५४–माननी सज्झाय.

रे जीव मान न कीजीये, माने विनय न आवेरे,
विनय विना विद्या नहीं, तो किम समकित पावेरे रे०
समकित विण चारित्र नहीं, चारित्र विण नहीं मुक्तिरे,
मुक्तिना सुख छे शाश्वता, ते केम लहिये युक्तिरे. रे०

विनय वडो रे संसारमा गुणमा अधिकारीरे,
माने गुण जाये गली, प्राणी जोजो विचारीरे. रे०
मान कर्यु जो रावणे, ते तो रामे मार्योरे,
दुर्योधन गर्व करी, अंते सवि हार्यो रे. रे०
सुका लाकडा सरिखो दु खदायी ए खोटोरे,
उदय रत्न कहे मानने, देजो देशवटोरे. रे०

५९-मायानी सज्झाय.

समकितनु मूल जाणीयेजी, सत्य वचन साक्षात,
साचामा समकित वसेजी, कूडामां मिथ्यात्वरे प्राणी-
म करीश माया लगार.
मुख मीठो जुठो मनेजी, कूड कपटनारे कोट,
जीमे तो जीजी करेजी, चित्तमा ताके चोटरे प्राणी-म०
आप गरजे आघो पडेजी, पण न धरे विश्वास,
मनशु राखे आंतरोजी, ए मायानो पास रे प्राणी-म०
जेहशु बांधे प्रीतडीजी, तेहशु रहे प्रतिकुल,
मेल न छडे मन तणोजी, ए मायानु मूल रे प्राणी-म०
तप कीधु माया करीजी, मित्रशु राख्यो र भेद,
मल्लि जिनेश्वर जाणजोजी, तो पाम्या स्त्री वेदर प्राणी-म०
उदयरत्न कहे सांभळोजी, मेलो मायानी बुद्ध,
मुक्ति पुरी जावा तणोजी, ए मारग छे शुद्धरे प्राणी-म०

५६–लोभनी सज्झाय.

लोभ न करीए प्राणीआरे, लोभ बूरो संसार;
लोभ समो जगमा नहींरे, दुर्गतिनो दातार,
भविकजन लोभ बूरो संसार०

करजो तुमे निरधार भविकजन, जेम पामो भवपार. भ०
अति लोभे लक्ष्मी पतिरे, सागर नामे शेठ,
पूर पयोनिधिमा पडयो रे, जइ बेठो तस हेठ भ०
सोवन मृगना लोभथी रे, दशरथ सुत श्री राम,
सीता नारी गमावी ने रे, भमीयो ठामो ठाम. भ०
दशमा गुण ठाणा लगरे, लोभ तणुं छे जोर,
शीवपुर जातां जीवने र, एहज मोटो चोर. भ०
क्रोध मान माया लोभथीरे, दुर्गति पावे जीव,
परवश पडीओ वापडो रे, अहोनिश पाडे रीव. भ०
परिग्रहनां परिहारथी रे, लहीए शिव सुख सार,
देव दानव नरपति थई रे, जाशे मुक्ति मोझार. भ०
भवसागर पंडित भणेरे, वीरसागर बुध शिष्य,
लोभ तणे त्यागे करीरे, पहोंचे सयल जगीश. भ०

श्री श्रावक करणीनी सज्झाय

५७

श्रावक तु उठे प्रभात, चार घडी ले पाछली रात,
मनमा समरे श्री नवकार, जेम पामे भव सायर पार.
कवण देव, कवण गुरु धर्म, कवण अमारुं छे कुल कर्म,
कवण अमारु जे व्यवसाय, एवु चिंतवजे मनमांय.
सामायिक लेजे मन शुद्ध, धर्मनी हैडे धरजे बुद्ध;
पडिक्कमणु करे रयणी तणुं, पातक आलोइ आपणु.
काया शक्ते करे पच्चक्खाण, शुद्धि पाळे जिननीआण,
भणजे गणजे स्तवन सज्झाय, जिण हुति निस्तारो थाय.
निर्धार नित्य चौदे नियम, पाळे दया जीवता सीम,
मंदिरे जइ जुहारे देव, द्रव्य भावथी करजे सेव.
पूजा करता लाभ अपार, प्रभुजी मोटा मुक्ति दातार,
जे उथापे जिनवर आण, तेहने लागे पातक खाण.
पोशाले गुरु वंदने जाय, सुणजे वखाण सदा चित्त लाय,
निर्दुषण सुजतो आहार, साधुने देजे सुविचार.
स्वामी वत्सल करजे घणु, सगपण मोटु सामी तणुं,
दु:खीआ हीणा दिनने देख, करजे तास दया सविशेष,

घर अनुसारे देजे दान, मोटा शुं म करे अभिमान;
गुरुने मुख लेजे आखडी, धर्म न मूकीश एके घडी.
वारु शुद्ध करे व्यापार, ओछा अधिकानो परिहार,
म भरजे केनी कुडी शाख, कुडा जन शुं कथन म भाख.
अनतकाय कही बत्रीश, अभक्ष्य बावीश विश्वावीस,
ते भक्षण नवि कीजे केमे, काचा कुडा फल मत जिमे.
रात्री भोजननां बहु दोष, जाणीने करजे संतोष,
साजी साबु लोहने गळी, मधु धावडी मत वेचो वळी.
वळी म करावे रंगण पास, दूपण घणां कह्यां छे तास;
पाणी गळजे बब्बे वार, अणगळ पीता दोष अपार.
जीवाणीना करजे यत्न, पातक छंडी करजे पून्य,
छाणा इंधण चूलो जोय, वापरजे जेम पाप न होय.
घृतनी परे वावरजे नीर, अणगळ नीर म धोइश चीर;
पालजे शुद्ध मने व्रत बार, टाळजे सघळा पाप अतिचार.
कह्यां पदरे कर्मादान, पापतणी परहरजे खाण,
माथे म लेजे अनर्थ दंड, मिथ्या मेल म भरजे पिंड
समकित शुद्ध हैडे राखजे, बोल विचारीने भाखजे,
पांच तिथी म करो आरंभ, पाळो शियळ तजो मन दंभ.
तेल तक्र घृत दूध ने दहीं, उगाडा मत मेलो सही,

उत्तम ठामे खरचो वित्त, पर उपकार करो शुभ चित्त.
दिवस चरीम करजे चोवीहार, चारे आहार तणो परिहार;
दिवस तणां आलोए पाप, जिम भांजे सघळां संताप.
सध्याए आवश्यक साचवे, जिनवर चरण शरण भव भवे,
चार शरण करी दृढ होय, सागारी अणसण ले सोय.
करे मनोरथ मन एहवा, तीरथ शत्रुंजय जायवा,
समेतशिखर आबु गीरनार, भेटीश हुं धन्य धन्य अवतार.
श्रावकनी करणी छे एह, तेहथी थाए भवनो छेह,
आठे कर्म पडे पातळा, पाप तणो छुटे आमला.

मांगलिक भावना.

॥ मंगलं भगवान वीरो, मंगलं गौतम प्रभु
मंगलं स्थुलि भद्राद्या, जैनो धर्मोस्तु मंगलं ॥